વૈશ્વીક વૈચારીક ક્રાંતી દ્વારા માનવીય ગૌરવને વરેલું

# માનવવાદ

Year-4 ❖ Vol - 35 ❖ April 2017 ❖ જોડણી ઉંઝા ઠરાવ મુજબ ❖ તંત્રી : બીપીન શ્રોફ, માનદ સંપાદક : મનીષી જાની

અનુક્રમ

ઈશ્વરની ઇચ્છા વીના જ પાંદડું હલે છે...
બીપીન શ્રોફ
ચાર્લ્સ ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ
- પ્રો. નીતીન પ્રજાપતી - બીપીન શ્રોફ
સત્ર અધ્યક્ષનું વક્તવ્ય
- ઈન્દુકુમાર જાની
ભૌતીકવાદ અને રેશનાલીઝમ
- મનીષી જાની
કુદરત નીયમબદ્ધ છે
- ધવલ મહેતા
સત્ર અધ્યક્ષનું વક્તવ્ય
- સરુપ ધ્રુવ
બીનસાંપ્રદાયીકતા - આપણું એક બંધારણીય મુલ્ય
- અશ્વીન કારીઆ
આપણા લોકશાહી મુલ્યો
- ઉત્તમ પરમાર
રેશનાલીસ્ટ વીચારો આધારીત વ્યક્તી અને સમાજ પરીવર્તનના પ્રયત્નો
- ડૉ. સુજાતવલી
ડોનાલ્ડ ટ્રમ્પનો ઉગ્રરાષ્ટ્રવાદ અને તેની વૈશ્વીક અસરો
- સ્વાતી જોશી / - પ્રકાશ શાહ
સત્ર અધ્યક્ષનું વક્તવ્ય
- રોહીત શુક્લ
ભારતીય બંધારણનો ખ્યાલ બંધુતા (Freternity)
- ઘનશ્યામ શાહ / - ચંદુભાઈ મહેરીયા
સત્ર અધ્યક્ષનું વક્તવ્ય
- ડૉ. એન કે ઈન્દ્રાયન

સંપર્ક માટેનું ઈ-મેઈલ સરનામું :
shroffbipin@gmail.com
Ph. No. (02694) 245953 ,
M. 97246 88733

તંત્રી સ્થાનેથી
બીપીન શ્રોફ

## ઈશ્વરની ઈચ્છા વીના જ પાંદડું હલે છે...

### ગુજરાત મુંબઈ રેશનાલીસ્ટ એસોસીયેશન આયોજીત (૨૫-૨૬ માર્ચ) પરીસંવાદનો અહેવાલ

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે આ પરીસંવાદમાં ગુજરાતના લગભગ બધા જ ભૌગોલીક વીસ્તારોમાંથી પ્રતીનીધીઓ આવ્યા હતા. અન્ય દૃષ્ટીએ જોઈએ તો પરીસંવાદમાં ભાગ લેનાર પ્રતીનીધીઓમાં જુદા જુદા ટ્રેડ યુનીયન પ્રતીનીધીઓ, અખબારી કોલમનીસ્ટ અને પત્રકારો, નીરીક્ષક, નયામાર્ગ, દલીત અધીકાર જેવા ગુજરાતી બૌદ્ધીક પખવાડીકોના તંત્રીઓ, ગુજરાતની જુદી જુદી યુનીવર્સીટીઓના પ્રોફેસરો, શીક્ષકો, વકીલો, ડૉક્ટર્સ, કર્મનીષ્ઠો અને અમારી સંસ્થાના રેશનાલીસ્ટ સભ્યશ્રીઓ સાથે કુલ પ્રતીનીધીઓની સંખ્યા બંને દીવસ માટે આશરે 90 ઉપર હતી.

સંસ્થાના પ્રમુખે પરીસંવાદનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે રેશનાલીસ્ટ પ્રવૃત્તીનો વ્યાપ એક ચળવળ રુપે વધારવા માટે સંસ્થાના સાથીઓમાં વૈચારીક સ્પષ્ટતાની ખાસ જરુર છે. વધુમાં આ અંગે વીગતે છણાવટ કરતાં તેઓએ જણાવ્યું હતું કે રેશનાલીઝમ અન્ય માનવવાદી મુલ્યો





જેવા કે સ્વતંત્રતા, ધર્મનીરપેક્ષ નીતી, સમાનતા અને બંધુતા જેવું જ એક માનવવાદી મુલ્ય છે. રેશનાલીઝમનું એક માનવમુલ્ય તરીકે સર્જન જૈવીક ઉત્ક્રાંતી (Biological Evolution) અને કુદરતી નીયમબદ્ધતા (Universe is law governed)ના સંયોજનમાંથી વીકસેલું છે. જેણે માનવીને કુદરતી પરીબળોને સમજવાની તક પુરી પાડી છે. તેથી તેનું જૈવીક અને સાંસ્કૃતીક અસ્તીત્વ ટકી રહ્યું છે અને વીકસ્યું છે. રેશનાલીઝમનું મુખ્ય કાર્ય સત્યશોધન જ છે.

અમારા એક અગ્રણી સાથી અને સુરત સત્ય શોધક સભાના માજીપ્રમુખ બાબુભાઈ દેસાઈ, જેઓનું નજીકના ભુતકાળમાં અવસાન થયું છે; તે બાબુભાઈની દૃઢ પ્રતીતી હતી કે રેશનાલીસ્ટ મીત્રોમાં માનવવાદી મુલ્યો આધારીત બૌદ્ધીક સજ્જતા કેળવાય તો જ રેશનાલીસ્ટ ચળવળ વીકસી શકે. તેમની યાદ કે સ્મરણ સાથે અમારી સંસ્થાએ, આ હકીકતને ધ્યાનમાં રાખીને બે દીવસના પરીસંવાદના વીષયો અને વક્તાઓનું આયોજન કરેલ છે. પરીસંવાદના વીષયો (1) ઉત્ક્રાંતીવાદ (2) ભૌતીકવાદ (3) કુદરત નીયમબદ્ધ છે. (4) રેશનાલીઝમ અને લોકશાહી જીવન પદ્ધતી (5) અમેરીકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ઉગ્રરાષ્ટ્રવાદ અને તેવા જ અન્ય દેશોમાં ઉભરતા ઉગ્રરાષ્ટ્રવાદી પ્રવાહોનું મુલ્યાંકન (6) ભારતીય બંધારણના મુલ્ય બંધુતા (concept of Fraternity) ઉપર ચર્ચા.

## ચાર્લ્સ ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ

**- પ્રો. નીતીન પ્રજાપતી**

આજે આપણે સરળતાથી ઘણી બધી જે ખરેખર વૈજ્ઞાનીક અને કુદરતી ઘટનાઓને સ્વીકારીએ છીએ. જેવી કે સુર્ય ઉગે છે, તે આથમે છે, પૃથ્વી પોતાની ધરી પર ફરે છે, તે બધી ઘટનાઓને આજથી 500 વર્ષ પહેલાં તે રીતે સ્વીકારવામાં આવતી નહતી. તે જમાનામાં પ્રવર્તમાન ધાર્મીક- રાજકીય માળખું વીજ્ઞાન વીરોધી હતું. તે જમાનાની ધાર્મીક માન્યતા હતી કે આપણી પૃથ્વી બ્રહ્માંડનું કેન્દ્ર છે અને સુર્યથી માંડીને તમામ અવકાશી પદાર્થો પૃથ્વીની આજુબાજુ ફરે છે. આ ધાર્મીક માન્યતાને ખ્રીસ્તી ધર્મગુરુઓ અને તેમના ધાર્મીક પુસ્તક બાયબલનો આધાર હતો. ગેલેલીયો, કોપરનીક્સ અને બ્રુનો જેવા તે સમયના વૈજ્ઞાનીકોએ આ બધા ધાર્મીક સત્યોને પડકાર્યા હતા. તે બધાએ ખગોળવીદ્યા અને ભૌતીકશાસ્ત્રની મદદથી શોધી કાઢ્યું કે પૃથ્વી બ્રહ્માંડનું કેન્દ્ર નથી. પૃથ્વી સુર્યમંડળના બીજાગ્રહોની માફક તે પણ સુર્યની આસપાસ ભ્રમણ કરતો એક ગ્રહ જ છે. પૃથ્વી તો સુર્યમંડળના એક ગ્રહથી વધારે કાંઈ નથી અને અવકાશમાં સુર્ય જેવા હજારો કે લાખો નહીં પણ ગણ્યા ગણાય નહીં તેટલી સંખ્યામાં સુર્યથી પણ અનેક ગણા મોટા તારાઓ છે. આવા વૈજ્ઞાનીક સત્યને પ્રજા સમક્ષ મુકવા માટે તથા સમાજની ચીલાચાલુ ધાર્મીક માન્યતાઓને પડકારવા માટે, ચર્ચના ટેકાવાળી રોમની

ધાર્મીક સત્તાએ બ્રુનોને જીવતો સળગાવી દીધો, ગેલેલીયોને આજીવન એકાંતવાસની સજા ફરમાવી અને કોપરનીક્સે ચર્ચસત્તાના ભયને કારણે પોતાના મૃત્યુ બાદ પોતાની શોધખોળો આધારીત પુસ્તકો બહાર પાડવાનું નક્કી કર્યું હતું.

બરાબર આ અવકાશી સંશોધનોની સાથે સાથે પૃથ્વી પરની સજીવસૃષ્ટીના સર્જનને માટે પણ જે તે ક્ષેત્રોના વૈજ્ઞાનીકોએ સંશોધન કરવાનું ચાલુ કર્યું. આવા બધા વૈજ્ઞાનીક ક્ષેત્રોમાં તે સમયે કામ કરનારા ઘણા બધા ધાર્મીક ખ્રીસ્તી પાદરીઓ પણ હતા. આ ઉપરાંત યુરોપીયન પ્રજાએ વીશાળ દરીયાને ખેડીને જુદા જુદા ભૌગોલીક પ્રદેશો, લોકો, તેમની અલગ સંસ્કૃતીઓ જોઈ અને ક્યારેય ન જોયા તેવી વનસ્પતી, પ્રાણી સૃષ્ટી અને સોના - ચાંદી અને કોલસા વી.ની ખાણો શોધી કાઢી. અત્યાર સુધી બાયબલ અને અન્ય રીતે પૃથ્વી વીશેની જે માહીતીઓ રજુ કરવામાં આવી હતી તેનાં કરતાં બીલકુલ જુદી જ દુનીયા જોવા મળી. જેમ ગેલેલીયો, કોપરનીક્સ અને ન્યુટને ભૌતીકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રની નવી શોધખોળોની મદદથી ધાર્મીક સત્તાને પડકારી તેજ રીતે નવી દુનીયા જાણવા-જોવા માટેના દરીયાઈ સાહસોએ સજીવસૃષ્ટીના સર્જન માટેની ધાર્મીક માન્યતાઓને પડકારવા માટેની પુર્વભુમીકા પેદા કરી.

આ બધાની સાથે ફ્રાંસની ક્રાંતી થઈ. રાજાશાહી, સામંતશાહી અને ધાર્મીક સત્તાઓને પડકારવામાં આવી. તે બધાનો વીકલ્પ નાગરીક કેન્દ્રી મુલ્યો સ્વતંત્રતા, સમાનતા અને બંધુતામાં દેખાયો. લોકશાહી રાજ્યવ્યવસ્થાનો જન્મ થયો.

ચાર્લ્સ ડાર્વીનના દાદા ઈરેમસ ડાર્વીન (1731-1802) અને ઉત્ક્રાંતીવાદી ફ્રાન્સના વૈજ્ઞાનીક જે. બી. લામોર્ક (1744-1829) ચાર્લ્સ ડાર્વીન માટેની જીવવીજ્ઞાનની ભુમીકા તૈયાર કરી આપી. આર્થર વોલેસ અને ચાર્લ્સ ડાર્વીને કુદરતી પસંદગીનો સીદ્ધાંત શોધી કાઢ્યો. આ ઉત્ક્રાંતીવાદી સંશોધનોએ સજીવસૃષ્ટી અને માનવ સર્જનનો ઈશ્વરની મદદ સીવાયનો આધાર બતાવ્યો. તેને કારણે યુરોપના ધાર્મીક અને રાજકીય જગતમાં મોટો ખડભળાટ મચી ગયો હતો. આવા પાયાના, જમીની વૈજ્ઞાનીક સત્યો આધારીત તારણો સામે ખ્રીસ્તી અને અન્ય ધર્મોના રુઢીચુસ્તોએ ડાર્વીનના સીધ્ધાંતોનું ખોટું અર્થઘટન કરીને ‘ઈન્ટલીજન્ટ ડીઝાઈન અને ક્રીએટીવીની થીયેરી’ બહાર પાડી અને તે પ્રમાણે શાળા-કોલેજોમાં શીક્ષણ આપવાનું શરુ કરી દીધુ. આ ઉપરાંત ડાર્વીનના સીદ્ધાંત જૈવીક સંઘર્ષનું ખોટું અર્થઘટન કરીને સોશીયલ ડાર્વીનીઝમનો વીચાર પણ વીકસાવ્યો છે.

## ઉત્ક્રાંતીવાદ

**- બીપીન શ્રોફ**



ઉત્ક્રાંતીવાદના આદ્યસ્થાપક ચાર્લ્સ ડાર્વીનનો જન્મ સને 1809ના 12મી ફેબ્રુઆરીના રોજ થયેલો હતો. તે દીવસ આકસ્મીક રીતે અમેરીકામાં ગુલામી નાબુદી કરનાર ક્રાંતીકારી રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લીંકનનો પણ જન્મ દીવસ છે.

ઉત્ક્રાંતીવાદ શું છે ? તે સમજાવે છે કે કોઈપણ પ્રાણી વર્ગ, જાતી વીશેષ માનવજાત સમેતનું કોઈ ખાસ સર્જનના ફળસ્વરુપે અસ્તીત્વમાં આવેલ નથી. કીંતુ તે કોઈને કોઈ પ્રકારના આગોતરા-પ્રાથમીક કે સાદા સ્વરુપમાં થયેલ ક્રમીક વીકાસને પરીણામે આજની વર્તમાન સ્થીતીએ પહોંચી શક્યો છે - એવો સીદ્ધાંત કે વાદ એટલે ઉત્ક્રાંતીવાદ. ઉપરના વાક્યો એમ સુચવે છે કે સમગ્ર સજીવ સૃષ્ટીનું સર્જન કોઈ ઈશ્વરી પરીબળની ખાસ ઈચ્છા કે હેતુનું પરીણામ નથી. દરેક સજીવનું અસ્તીત્વ અને વીકાસ ક્રમશ: તબક્કાવાર થયેલ છે. ડાર્વીન વીશ્વનો એવો પ્રથમ જીવવૈજ્ઞાનીક હતો કે જેણે જૈવીક ઉત્ક્રાંતીના નીયમો શોધી કાઢ્યા છે. જેને કુદરતી પસંદગીના સીદ્ધાંત તરીકે (Natural Selection) ઓળખવામાં આવે છે.

કુદરતી પસંદગીના નીયમો એટલે શું ? ડાર્વીનના મત મુજબ આ નીયમો પાંચ છે.

(1) સજીવ ઉત્ક્રાંતી એ હકીકત છે. દરેક જૈવીક સજીવોનો જન્મ અને વીકાસ કોઈ ગણીતના ચતુષ્કોણ, વર્તુળ, કાટખુણો કે ત્રીકોણની માફક બીબાઢાળ થયો નથી. પણ તે એક સજીવ જાતીમાંથી બીજી જાતીમાં ફેરફાર થઈને

થયેલ છે.

(2) સજીવ જાતીઓમાં ગણીતક વૃદ્ધી માતૃ સજાતીમાંથી વીભાજન ફુલની કળી કે મા- દીકરીની માફક વારસાગત લક્ષણો ચાલુ રાખીને થાય છે.

(3) કુદરતી પસંદગી, દરેક માદા જૈવીક અસ્તીત્વના સંઘર્ષમાં ટકી શકે તેના કરતાં ઘણા વધારે પોતાના બચ્ચા પેદા કરે છે. તેથી દરેક પેઢીમાં ખુબ જ ઓછા સજીવો, જે વારસાગત આનુવંશીક લક્ષણો સાથે બહારના વાતાવરણમાં ટકી શકે તેવા ફેરફારો કરીને બીજી પેઢીને જન્મ આપે છે. નવી પેઢીના વીશીષ્ટ લક્ષણો પોતાની જુની પેઢીના સામાન્ય લક્ષણોથી જુદા હોય છે.

(4) જૈવીક ઉત્ક્રાંતીમાં સજીવ જાતીઓ - પ્રજાઓમાં ફેરફાર ક્રમશ: આપણે વીચારી પણ ન શકીએ તેટલા લાંબા સમય બાદ થતા હોય છે. જૈવીક ફેરફારો ક્યારેય એકાએક, આકસ્મીક કે પ્રાસંગીક બનતા નથી.

(5) સમાન વારસો (common descent) - તેથી દરેક વર્તમાન સજીવોનો વારસો એક જ છે. તે બધા જ સજીવો એક જ પુર્વજ કે વડવાઓમાંથી ઉતરી આવેલા છે.

ચાર્લ્સ ડાર્વીને જૈવીક ઉત્ક્રાંતીના જુદા જુદા ફાંટાઓ- વીભાગો શોધી કાઢ્યા. એટલું જ નહીં પણ દરેક સજીવ જાતીને બીજી સજીવ જાતીની ઉત્ક્રાંતીના સીદ્ધાંત મુજબ શું સંબંધ તે શોધી કાઢ્યું છે. આ વીભાગીય સજીવ જૈવીક જાતીઓના દરેક ફાંટા એકબીજાની સાથે કેવી રીતે જોડાયેલા છે તે પણ શોધી કાઢ્યું. છેલ્લે તેણે આ પૃથ્વી પરની દરેક સજીવ જાતીનું મુળ એક કોષી જીવમાં હતું તે શોધી કાઢ્યું. આમ ડાર્વીને જીવવીજ્ઞાનમાં જૈવીક ઉત્ક્રાંતી નામની નવી જ્ઞાનશાખાની શોધ કરી. આ જ્ઞાનની નવી શાખાની શોધની વ્યાપક અસરો જીવવીજ્ઞાનના ક્ષેત્રની બહાર પણ ઘણી જ અસરકારક પેદા થઈ છે.

ડાર્વીને વીજ્ઞાનમાં ઐતીહાસીક સંશોધનોને આધારે ભૌતીકશાસ્ત્ર કે રસાયણશાસ્ત્રની પ્રયોગશાળાની બહાર પણ વૈજ્ઞાનીક સત્ય શોધી શકાય છે તેવા નવા જ્ઞાનનો વીષય શોધી કાઢ્યો છે. ઉત્ક્રાંતીવાદે જે પ્રસંગો, બનાવો, હકીકતો કે પ્રક્રીયાઓ હજારો-લાખો વર્ષો પહેલાં બની ગયા છે તે સમજાવવાની કોશીષ વૈજ્ઞાનીક પ્રયોગશાળાની બહાર પણ આધારભુત જૈવીક પણ ભૌતીક નમુના એકત્ર કરીને સાબીત કરી.

આ કુદરતી પસંદગીના સીદ્ધાંતની ક્ષમતા (પોટેન્સાયાલીટી) એટલી બધી છે કે જો કુદરતી વાતાવરણમાં ફેરફારો થાય (દા.ત. ઠંડા પ્રદેશોના સજીવોને ગરમ પ્રદેશોમાં જીવવું પડે તેવા સંજોગો પેદા થાય) તો એક પેઢીની જાત તેની બીજી નવી આવનારી પેઢીથી પણ જુદી પડે અથવા તો તે નવી પેઢી નવા વાતાવરણને અનુકુળ આનુવંશીક (જેનેટીકલ) જરુરી નવા ફેરફારો સાથે જ જન્મે. પૃથ્વી પર જે જૈવીક જાતીઓમાં ફેરફારો થયા છે તે કોઈ પુર્વઆયોજીત નથી. પરંતુ તે બધા ફેરફારો આડાઅવળા (રેન્ડમ) કે જૈવીક જરુરીયાતમાંથી અથવા બંનેના સંમીશ્રણની સંયુક્ત પેદાશ છે. આ બધી હકીકતો ડાર્વીને સને 1859માં પ્રકાશીત કરેલા પુસ્તક 'ઓરીજન ઓફ સ્પીસીસ'માં વીગતે કરી છે. સદર સીદ્ધાંતની સત્યતાને આધારે આશરે 80 વર્ષ પછી સને 1940માં આપણે ડીએનએ શોધી શક્યા છીએ. ઉત્ક્રાંતીવાદના નીયમોનું કોઈ હૃદય હોય તો તે ડીએનએ છે.

ડાર્વીનના જીવ ઉત્પત્તીના આ ધર્મનીરપેક્ષ ખયાલે (સીક્યુલર વે ઓફ લાઈફ) બધા જ ધર્મોએ પોતાના ધર્મપુસ્તકોમાં લખેલા જીવ ઉત્પત્તીના અને માનવીય સર્જનના દાવાઓને બીલકુલ ખોટા, વાહીયાત અને પોકળ એટલે કે વાસ્તવીક પુરાવા વીનાના સાબીત કરી દીધા. તેના ઉત્ક્રાંતીવાદે પૃથ્વી પરની સમગ્ર સજીવ ઉત્પત્તીને વૈજ્ઞાનીક આધાર આપ્યો. ટુંકમાં એક જૈવીક વંશમાંથી સમગ્ર જગત પેદા થયું છે તેવો ધર્મના આધાર સીવાયનો સીદ્ધાંત શોધનાર ડાર્વીન પ્રથમ વૈજ્ઞાનીક હતો. આ ઉત્ક્રાંતી પ્રક્રીયાનો વીકાસ ક્રમશ: હજારો નહીં પણ લાખો વરસથી થતો આવ્યો છે. આ જીવવીકાસની સાંકળ કોઈ જગ્યાએથી તુટેલી કે વેરણછેરણ થયેલી નથી. આ ઉત્ક્રાંતીનું કારણ ઉપર ચર્ચા કર્યા મુજબનો ડાર્વીનનો કુદરતી પસંદગીનો સીદ્ધાંત છે.

વૈજ્ઞાનીક તત્ત્વજ્ઞાનની મુડીમાં ઉત્ક્રાંતીવાદનું ક્રાંતીકારી અપરીવર્તનશીલ પ્રદાન -

ડાર્વીનના આ કુદરતી પસંદગીના સીદ્ધાંતની શોધ પહેલાં આશરે 2000 વર્ષ સુધી ગ્રીક, ભારતીય તત્ત્વજ્ઞાન અને 18મી સદીના સ્કોટલેન્ડના ફીલોસોફર ડેવીડ હ્યુમ

(1711-1776) સુધી માનવજાત તમામ જૈવીક સર્જનોને ઈશ્વરી દેન સમજીને દરેક કુદરતી ઘટનાઓનું મુલ્યાંકન કરતી હતી. આ વીશ્વની માનવજીવન સાથેની દરેક ઘટનાઓ પુર્વનીર્ણીત છે (Predetermine) તે સત્યને ચાર્લ્સ ડાર્વીને પોતાના ઉત્ક્રાંતીવાદના નીયમોના આધારે પડકાર્યું. ડાર્વીનના સંશોધનોએ સાબીત કર્યુ કે હવે આ પૃથ્વી પર કોઈ સર્જનહાર કે ઈશ્વરની જરુર નથી. ખરેખર તો તે પહેલાં પણ ન હતી. સમગ્ર સજીવ સૃષ્ટીનું સર્જન ઈશ્વરી શક્તીનું પરીણામ છે તેવા ખયાલની બાદબાકી થતાં જ જ્ઞાન-વીજ્ઞાનના દરેક ક્ષેત્રોમાં હકારાત્મક રીતે કુદરતી પરીબળોને સમજવાનું અને તે જ્ઞાન આધારીત સંશોધનાત્મક પ્રવૃત્તીઓ દુનીયાના ખુણે ખુણે વીસ્તરતી ગઈ. ડાર્વીનના તત્ત્વજ્ઞાને વીશ્વના સર્જનમાંથી ઈશ્વરની બાદબાકી કરીને માનવીને તેના કેન્દ્રમાં મુકી દીધો.

*

આધુનીક સમયકાળ પર ડાર્વીનના વીચારોની અસર

18મી અને 19મી સદીના માનવીની આ વીશ્વને સમજવાની દૃષ્ટી કરતાં 21મી સદીના માનવીની જગતને સમજવાની દૃષ્ટી બીલકુલ જુદી છે. સામાન્ય રીતે તેનું કારણ ટેક્નોલોજી અને ડીજીટલ શોધોની અસરો જવાબદાર છે. પરંતુ આ ફેરફારો ડાર્વીનના વીચારો અને વૈજ્ઞાનીક તારણોનું પરીણામ છે તેવું બહુ ઓછા માણસોને ખબર છે. ડાર્વીનના ઉત્ક્રાંતીવાદના વીચારોની અસરે માનવીને જ પોતાના ભાગ્યનો વીધાતા બનાવી દીધો છે. માનવ માત્રની જાતી (સ્પીસી) એક જ છે. કોઈ આફ્રીકન, અમેરીકન, યુરોપીયન, એશીયન વંશીય રીતે જુદા જુદા છે તે માન્યતાને આધાર વીહીન સાબીત કરી દીધી. કાળા ગોરા, ઉંચાઈમાં લાંબા કે ટુંકા, સ્ત્રી કે પુરુષ બધા જ જૈવીક રીતે બીલકુલ જુદા નથી તેથી એક છે તે સત્યને બહાર લાવવાનું કામ ડાર્વીનના ઉત્ક્રાંતીવાદે કર્યું છે. માનવીય વંશીતા તે એક જૈવીક ઉત્ક્રાંતીની સામાન્ય વંશીતાનો એક ભાગ છે તેવું સાબીત થતાં જ ધર્મોએ માનવીને બીજા પ્રાણીઓની સરખામણીમાં આપેલા વીશીષ્ટ સ્થાનની અપ્રસ્તુતા સાબીત થઈ ગઈ.

ડાર્વીને તેનું બીજુ જગવીખ્યાત પુસ્તક 'ડીસેન્ટ ઓફ મેન' સને 1871માં પ્રકાશીત કરેલું. તેમાં ડાર્વીને માનવ ઉત્ક્રાંતી અન્ય સજીવ પ્રાણીઓની સરખામણીમાં સમાન હોવા છતાં કેવી રીતે વીશીષ્ટ છે તે સમજાયું છે. તેમાં કશું દૈવી કે અલૌકીક નથી. પણ જૈવીક જગતના અન્ય પ્રાણીઓની સરખામણીમાં માનવીની બુદ્ધીમત્તા (ઈન્ટેલીજન્સ) સર્વશ્રેષ્ઠ છે તે સાબીત કર્યુ છે. માનવી ફક્ત એક એવું જૈવીક એકમ છે જે ભાષા, વ્યાકરણ અને વાક્ય રચના બનાવવાની કળા શોધી શક્યું છે. ઉંચી બુદ્ધીશક્તી, ભાષા અને લાંબા સમય સુધી પોતાના બાળકોની મા-બાપ તરીકે સારસંભાળ લેવાના જૈવીક લક્ષણોને કારણે માનવજાતે તેની સમગ્ર સંસ્કૃતી પેદા કરી છે. તેને કારણે માનવજાતે સમગ્ર વીશ્વ પર બીજા અન્ય શારીરીક રીતે શક્તીશાળી સજીવો કરતાં પોતાનું પ્રભુત્વ મેળવેલું છે અને ટકાવી રાખ્યું છે.

ઉપરના કારણોને લીધે ડાર્વીને માનવીય નૈતીકતાના આધારને ધર્મનીરપેક્ષ કે નીરઈશ્વરવાદી બનાવી દીધો. જો માનવ ઉત્ક્રાંતીવાદ પ્રમાણે ઈશ્વરી સર્જન ન હોય તો સમાજમાં એકબીજા સાથે માનવીય સંબંધો વીકસાવવા કે ટકાવવા માટેની નૈતીકતા કેવી રીતે ઈશ્વરી કે ધાર્મીક હોઈ શકે ? અન્ય સજીવોની માફક માનવીએ પોતાના માટે સારુ શું કે ખોટું શું (વીવેકબુદ્ધી) તે અસ્તીત્વ ટકાવી રાખવાના સંઘર્ષમાંથી (સ્ટ્રગલ ફોર એક્સીસ્ટન્સ) શીખ્યો છે. તેના જેવા બીજા અન્ય માનવીઓના સહકારથી તે વીઘાતક કુદરતી પરીબળો તેમજ તેના કરતાં બાહુબળમાં વધુ શક્તીશાળી પ્રાણીઓ સામે કેવી રીતે જીવવું તે પણ શીખી ગયો હતો. કુટુંબ, ટોળી, કબીલો, સમાજ અને રાજ્ય-રાષ્ટ્ર માનવીના અસ્તીત્વ ટકાવી રાખવા માટેના નૈતીક વલણો કે નીર્ણયોનું જ સર્જન છે. અસ્તીત્વ ટકાવી રાખવાની જીજીવીષા (અર્જ ટુ એક્સીસ્ટ) એ તેને પોતાના સ્વાર્થનું ઉર્ધ્વગમન (ઉચ્ચ સામાજીક સ્વાર્થમાં રુપાંતર) કરી બીજા સાથી માનવો સાથે સહકાર ભર્યુ વર્તન કરવા મજબુર કર્યો. આવા કુટુંબોની રચના અન્ય સજીવો જેવા કે હાથી, સીંહ, કીડી, મધમાખી વગેરે પણ પેઢી દર પેઢી કરતા આવ્યા જ છે. તે ફક્ત ઉત્ક્રાંતીની માનવી માટેની દેન નથી. ડાર્વીને આવા માનવીના નૈતીક વલણ માટે શબ્દ વાપર્યો છે. 'પ્રબુદ્ધ સ્વાર્થ' (એનલાઈટેડ સેલ્ફ ઈન્ટરેસ્ટ).

અંતમાં આપણે કહી શકીએ કે ડાર્વીનના ઉત્ક્રાંતીવાદે બધા જ સજીવોનો સામાન્ય જૈવીક વારસો, ક્રમશઃ ઉત્ક્રાંતી, કુદરતી પસંદગીનો સીદ્ધાંત જગત સમક્ષ મુકી નવી રીતે

વીચારવા આપણને સક્ષમ કર્યા છે. તેણે ઉત્ક્રાંતીનો સીદ્ધાંત આપી જગતના સર્જનને ઈશ્વરની મદદ વીના આપણને સમજાવ્યું છે. સમગ્ર વીશ્વ અને તેમાં વસતી માનવજાત કાયમ માટે ચાર્લ્સ ડાર્વીનનું જ ઋણી રહેશે.

ઉપરની બે વક્તાઓની ચર્ચાને આધારે સભામાંથી એક સામાન્ય પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. સામાજીક ડાર્વીનઝમ (SOCIAL DARWINISIM) એટલે શું ? તેને ડાર્વીનના ઉત્ક્રાંતીવાદ સાથે શું સંબંધ છે ? ડાર્વીને પોતાના સજીવ ઉત્ક્રાંતીવાદના સીદ્ધાંતમાં એ સમજાવ્યું હતું કે સજીવોના જૈવીક સંઘર્ષમાં એવી સજીવ જાતીઓ ટકી રહે છે જે કુદરતી વાતાવરણ સાથે અનુકુલન સાધી શકે છે. તે અનુકુલન સાધવા બાહુબળ કે બુદ્ધીમાં સર્વોપરીતા જરુરી નથી. જ્યારે સામાજીક ડાર્વીનઝમમાં સામાજીક કે આર્થીક હરીફાઈમાં શામ, દામ, દંડ કે ભયનો ઉપયોગ કરીને પોતાના હરીફોને પરાસ્ત કરવા. સામાજીક ડાર્વીનવાદમાં કોઈ નૈતીક મુલ્યો હોઈ શકે નહીં. સામાજીક ડાર્વીનવાદના વીચારને અમલમાં મુકીને, તમે કોઈ સામાજીક કે આર્થીક રીતે નબળા વર્ગોને યેનકેન પ્રકારે સંપન્ન વર્ગના હીતો માટે નેસ્તનાબુદ કરી શકો નહીં.

## સત્ર અધ્યક્ષ

**- ઈન્દુકુમાર જાની**



મારા મત મુજબ આ બંને દીવસના પરીસંવાદના વીષયો ખુબ જ અગત્યના છે. દેશ અને દુનીયાના આ મોહોલમાં ખુબ જ ઉંડાણથી ચર્ચા થાય તે જરુરી છે. પહેલાં આપણે જાતીવાદ અને કોમવાદની ચર્ચા કરતા હતા. આજે ધર્મ આધારીત ફાસીવાદ આપણા બારણે ટકોરા મારી રહ્યો છે. આપણે શું ખાવું-પીવું, દુકાનમાં કયો માલ રાખવો અને કયો માલ ન રાખવો તે ટોળાશાહી નક્કી કરે છે. દેશમાં કાયદાનું શાસન જ પડી ભાંગ્યું છે. આવા સંજોગોમાં સૌથી વધારે કોઈ વીચારસરણી હોય તો તે રેશનાલીઝમ કે વીવેકબુદ્ધીવાદની છે. દેશમાં દરેક ક્ષેત્રોમાં નીર્ણય કરવામાં લાગણીઓનો ઉન્માદ જ દેખાય છે. આપણે પ્રજા તરીકે રેશનલ રીતે વર્તીએ તો મારા મત મુજબ દેશના ઘણા પ્રશ્નોનો નીવેડો આવી જાય.

ઉત્ક્રાંતીવાદનો સીદ્ધાંત સતત પરીવર્તનશીલ અને વીકાશીલ છે. તે આપણને શીખ આપે છે કે ગમે તેવુ વર્તમાન જીવન ધુંધળું કે નીરાશાજનક હોય તેમ છતાં માનવજાતનું ભવીષ્ય ચોક્કસ આશાવાદી છે. નવી શોધખોળો અને સંશોધનો જેવા કે ટીસ્યુ કલ્ચર, ક્લોનીંગ અને આર્ટીફીસીલ ઈન્ટલીજન્ટથી માનવજાતનું ભાવી આશાસ્પદ છે. ડાર્વીનના ઉત્ક્રાંતીવાદે દરેક સજીવ ઈશ્વરી સર્જન છે તેવા જુદા જુદા ધર્મોના દાવાઓને પોકળ સાબીત કરી દીધા.

## ભૌતીકવાદ અને રેશનાલીઝમ

**- મનીષી જાની**



સમગ્ર માનવજાતને લક્ષમાં લેતાં મનીષીભાઈએ જણાવ્યું હતું કે આપણા દેશની જેમ પશ્ચીમના ગ્રીક સમાજમાં પણ ભૌતીકવાદી વીચારસરણીના પ્રાથમીક પ્રવાહો આશરે 2500 વર્ષ પહેલાં જોવા મળે છે. ભારતમાં ચાર્વાક, ગૌતમબુદ્ધ અને તત્ત્વજ્ઞાનની કેટલીક શાખાઓમાંથી મોટાભાગની શાખાનું વૈચારીક દર્શન ભૌતીકવાદી છાયા ધરાવતું હતું. શંકરાચાર્યના બ્રાહ્મણવાદી તત્ત્વજ્ઞાન જગત મીથ્યા અને બ્રહ્મ સત્યની વીચારસરણીને કારણે બૌદ્ધધર્મનો દેશનીકાલ કરવામાં આવ્યો હતો. ચાર્વકના ભૌતીકવાદી સાહીત્યને નામશેષ કરી નાખવામાં આવ્યું હતું. બૌદ્ધધર્મ અંગીકાર કરનારાઓ માટે બે વીકલ્પો હતા, કાંતો દેશમાંથી ભાગી જવું અથવા પાછા બ્રાહ્મણધર્મ પ્રેરીત વર્ણવ્યવસ્થામાં ધર્મપરીવર્તન કરીને અછુત તરીકે દરેક ગામની બહાર મીલકત વીહોણા ‘બ્રોકન મેન’ તરીકે દાસત્વ સ્વીકારીને જીવવું.

ગ્રીક સમાજમાં વીચારોના પ્રસાર માટે ફક્ત સોક્રેટીસને ઝેર પીવું પડ્યું ન હતું. સોક્રેટીસ જેવી પરીસ્થીતીમાંથી જાન બચાવવા એરીસ્ટોટલને એથેન્સમાંથી છાનામાના નાસી જવું પડ્યું હતું. બીજા ગ્રીક ચીંતક

પ્રોટોગોરસ જેણે ઈશ્વરની જગ્યાએ માનવીને કેન્દ્રમાં મુકીને જાહેર કર્યું કે કોઈપણ પ્રવૃત્તી માનવીને કેટલું ભૌતીક સુખ આપશે તે જ તેનો માપદંડ હોવો જોઈએ. (The man is the measure of everything.) પ્રોટાગોરસના બધા જ સાહીત્યને સળગાવી દેવામાં આવ્યું હતું અને તે પણ પોતાનો જીવ બચાવવા એથેન્સ છોડીને ભાગી ગયો હતો. ડાયોજીનસ જેવા નીરઈશ્વરવાદી હોવાને કારણે સતત રંજાડી અને પછી ત્રાસ આપીને (Persecuted) મારી નાખવામાં આવ્યો હતો.

વીશ્વમાં બંને સ્થળોએ ભૌતીકવાદી ક્રાંતીનો આધાર ધર્મ અને સત્તાના મેળાપીપણાના વર્ચસ્વને લઈને, મર્યાદીત વૈજ્ઞાનીક જ્ઞાનને કારણે આગળ વધી શક્યો નહીં. પરંતુ બીજા અનેક કારણોસર આશરે એક હજાર વર્ષના અંધારયુગ પછી પશ્ચીમના દેશોમાં તેનું પુન:ઉત્થાન થઈ શક્યું. જ્યારે ભારત તે અંધકાર - અજ્ઞાન યુગને જ હજુ ભજતુ ને પુજતું રહ્યું છે.

આધુનીક ભૌતીકવાદનો પાયો લગભગ 15મી સદીથી શરુ થયો કહેવાય. ન્યુટન, કોપરનીકસ, બ્રુનો, ગેલેલીયોથી શરુ થયેલી જ્ઞાન-વીજ્ઞાનની અવીરત શોધોએ 19મી સદીમાં ચાર્લ્સ ડાર્વીન અને કાર્લ માર્ક્સ સુધીમાં તે ચરમસીમાએ પહોંચી ગઈ. બંનેએ સાબીત કરી દીધું કે આ પૃથ્વીનું અંતીમ તત્ત્વ ફક્ત એક જ છે. તે ભૌતીક પદાર્થ (મેટર) છે. બધા જ ધર્મોએ જડ અને ચેતન, આત્મા અને શરીર, માનવ શરીર અને માનવ મગજ કે મન આવા જે બે ભાગો પાડ્યા હતા તેનો આધાર ડાર્વીનના ઉત્ક્રાંતીવાદ અને માર્ક્સના દ્વન્દ્વાત્મક ભૌતીકવાદે તોડી નાંખ્યો. આ વીશ્વ, બ્રહ્માંડ, પૃથ્વી અને માનવ શરીર બધું જ ભૌતીક છે. જે સ્પર્શી શકાય છે. અનુભવી શકાય છે. ઈન્દ્રીયજન્ય અનુભવ (એટલે જે આંખ, નાક, કાન, ચામડી અને જીભથી અનુભવી શકાય) અને બાહ્ય નીરીક્ષણની મદદથી માનવ મનને સંદેશા પહોંચાડીને સત્ય શોધી શકાય. પુરાવાવીહીન કોઈ સત્ય હોઈ શકે જ નહીં. જે જ્ઞાન હોય તે વસ્તુનીષ્ઠ અને પ્રત્યક્ષ જ હોઈ શકે. કોઈપણ જ્ઞાન કાલ્પનીક કે ધારણાઓ પર અવલંબીત ન હોઈ શકે. આ રીતે રેશનાલીઝમનો આધાર ઈન્દ્રીયજન્ય અનુભવ, બાહ્ય જગતનું નીરીક્ષણ અને તે બંનેના સંયોજનથી મને (Human Brain) કાઢેલું સત્ય છે. કોઈપણ સજીવને તેની જીજીવીષા ટકાવી રાખવાનું જ્ઞાન તેની ઈન્દ્રીયો સીવાય મળે નહીં. ઈન્દ્રીયો સીવાય જ્ઞાન પ્રાપ્તીના અનુભવો કાંતો છેતરપીંડી જ હોય છે અથવા માનસીક ભ્રમણા સીવાય બીજું કશું હોતું નથી.

## કુદરત નીયમબદ્ધ છે

**- ધવલ મહેતા**



ભાઈશ્રી ધવલ મહેતાના આ વીષય પર વીચારો સમજીએ તે પહેલાં આ પરીસંવાદના હાર્દને સમજીએ. તે છે ઈશ્વરની ઈચ્છા વીના જ પાંદડુ હલે છે. આજના પરીસંવાદનો હેતુ ધર્મ અને ઈશ્વર આધારીત વીચારસરણીનો વીકલ્પ આપણે પુરો પાડવાનો છે. કુદરત નીયમબદ્ધ છે. તેના નીયમો ઈશ્વરથી માંડીને કોઈના પણ બાહ્ય નીયમના (રેગ્યુલેટર)થી પર છે. તે બધા નીયમોને માણસ પોતાના જૈવીક અને સાંસ્કૃતીક સંઘર્ષમાંથી સતત સમજીને પોતાનું અસ્તીત્વ વીકસાવતો આવ્યો છે. માનવી તરીકે આપણે કુદરતી પરીબળો જેવા કે સુર્ય, વરસાદ, નદી, સમુદ્ર, પવન, આકાશ, દીવસ-રાત વગેરેના અસ્તીત્વમાં કોઈ ફેરફાર કરી શકીએ નહીં. પણ તેના સંચાલનના નીયમો સમજીને, તે બધાનો ઉપયોગ માનવીય હીત માટે કરી શકીએ. આવા કુદરતી પરીબળોને સમજવાની પ્રક્રીયામાંથી જ માનવી વીવેકબુદ્ધીવાળો કે રેશનલીસ્ટ બનતો ગયો છે. આ રેશનાલીટીએ માનવીને કુદરતી પરીબળોની અત્યંત ક્રુર અને જુલ્મી અસરોમાંથી ઈશ્વર અને તેના પૃથ્વી પરના પ્રતીનીધીઓની મદદ સીવાય મુક્ત બનાવ્યો છે. આ બધા ઈશ્વરના પ્રતીનીધીઓનું મુખ્ય કાર્ય તો માનવીને તેની વીવેકબુદ્ધી વાપર્યા સીવાય કુદરતી પરીબળો ઈશ્વર નીર્મીત છે એમ સમજાવવાનો છે. તેમનો હેતુ જુદા જુદા તરંગો અને તુક્કાઓનો ઉપયોગ કરીને માનવીને તેની કુદરત સામે ની:સહાયતાનો પોતાના આર્થીક હીત માટે ઉપયોગ કરવાનો હતો અને આજે પણ છે. આ પરીબળો સામે માનવીને નાચીઝ અને બીનઅસરકારક બનાવીને તે બધાની પુજા-અર્ચનાથી જ

તે પણ 'ગોડ્સ એજંટસ' દ્વારા જ તેમનું કલ્યાણ થઈ શકે. આમ વીશ્વના તમામ ધર્મોએ માનવીને પોતાની બધી સમસ્યાઓના ઉકેલ માટે સંપુર્ણ ઈશ્વર પર આધાર રાખતો કરી દીધો. જેને રેશનાલીઝમ, વીજ્ઞાન અભીગમની મદદથી બહાર કાઢી સ્વતંત્ર બનાવે છે. પાંદડુ હલવા પાછળ ઈશ્વરની મરજી સીવાય કયા કયા કારણે જવાબદાર છે તે શોધી બતાવે છે.

**ધવલ મહેતા** - આમ વૈજ્ઞાનીક રીતે કુદરતના નીયમો શોધી કાઢી તે પ્રમાણે માનવી તરીકે જીવવાનો આનંદ 'રોમાન્સ' ખુબ જ અવર્ણીનીય હોય છે. આમ વીજ્ઞાન કે રેશનાલીઝમનું કામ સત્ય શોધવાનું છે. જ્યારે ધર્મનું કામ માનવીની વીજ્ઞાનના આધાર સીવાયની શ્રદ્ધાઓને (અંધશ્રદ્ધા) જકડી રાખીને સમાજની સદીઓથી ચાલુ રહેલી સ્થગીતતાને ટકાવી રાખવાનું છે. જેમાં કશું નવું શોધાય કે વીચારાય જ નહીં. વૈજ્ઞાનીક સત્ય નવી માહીતી અને પુરાવા મળતાં બદલાતુ રહે છે.

સમગ્ર બ્રહ્માંડ ફક્ત ચાર મુળભુત તત્ત્વોનું બનેલું છે, વાયુ, પ્રવાહી, ઘન અને સજીવ જીવન રસ (પ્લાઝમા). કોઈપણ પદાર્થ (મેટર)ની અવસ્થા ગમે તે ચારમાંથી એક અથવા એકથી વધારે તત્ત્વોના સંયોજનથી બને છે. વીજ્ઞાન તો રેશનાલીઝમની સર્વોત્તમ સ્થીતી છે. સાથે સાથે રેશનાલીઝ એ માનવીય ઉત્ક્રાંતીનું આખરી સ્વરુપ છે. હવે આપણી માનવીય ભૌતીક ઉત્ક્રાંતી એ સાંસ્કૃતીક ઉત્ક્રાંતી બની ગઈ છે.

પદાર્થનું સૌથી નાનું એકમ અણુ (એટમ) હતું તે નવા સંશોધનો પ્રમાણે પરમાણું (સબએટોમીક) થઈ ગયું છે. તેના પણ નાના કણો જેવા કે ઈલોક્ટ્રોન, પ્લુટોન અને ન્યુટ્રોનમાં વીભાજન થઈ ગયું છે તે હકીકત બની ગઈ છે. વીજ્ઞાને સાબીત કરી દીધું છે કે દરેક બનાવની પાછળ કારણ જવાબદાર હોય છે. વીજ્ઞાને દરેક બનતી ઘટનાના કારણો શોધીને કાર્યકારણનો સીદ્ધાંત શોધી કાઢ્યો છે. જે સાર્વત્રીક રીતે કોઈપણ બનતી ઘટના અથવા પ્રસંગને લાગુ પડે છે. તેને આધારે વૈજ્ઞાનીક પદ્ધતી પ્રમાણે સમજાવી શકાય છે.

ઉપરની બે વક્તાઓની ચર્ચાને આધારે સભામાંથી કેટલાક મીત્રોએ પ્રશ્નો રજુ કર્યા હતા.

**પ્રો. મકરંદ મહેતા** (અમદાવાદ) - બંને વક્તાઓના મંતવ્ય પ્રમાણે 'પાંદડું ઈશ્વરની ઈચ્છાથી હલે છે અને પાંદડુ ઈશ્વરની ઈચ્છા વીના જ હલે છે' તે બે વચ્ચેનો જાણે કોઈ મધ્યમ કે સમન્વયકારી માર્ગ જ નથી. ઈતીહાસની પ્રક્રીયા તેને સ્વીકારતી નથી. રાજારામ મોહન રાય અને ગાંધીજીની વ્યક્તી અને સમાજ પરીવર્તન પ્રવૃત્તીઓ તેઓની ધાર્મીક આસ્થીકતા સાથે જ ચાલુ રહી હતી. મારા મત મુજબ બાબાસાહેબ આંબેડકરનો અભીગમ સંઘર્ષ સાથે સમન્વયનો પણ હતો.

**વીજય પુરોહીત** (અમદાવાદ) - ભુતપુર્વ રાષ્ટ્રપતી અબ્દુલ કલામ જેઓ અંગત રીતે સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ સ્વામીને દંડવત્ પ્રણામ કરે અને અલ્લાહ કે ઈશ્વરમાં શ્રદ્ધા રાખે તેને આપણે વૈજ્ઞાનીકોની વ્યાખ્યામાં મુકી શકીએ ખરા ?

**ડૉ. પ્રો. પરેશ પુરોહીત** (મહેસાણા) - આપના વીચારો અને તારણો સાંભળ્યા ને સમજ્યા પછી હવે શું ?

**પ્રો. હરપાલ રાણા** (ભાવનગર) - મારા મત મુજબ ગૌતમબુદ્ધની ચળવળ સાર્વત્રીક રીતે ભૌતીકવાદી હતી. ભૌતીકવાદમાં મૃત્યુ પછીના જીવન કે પુનર્જન્મને સ્વીકારવામાં ન જ આવે. બીજુ તથાગત બુદ્ધનું અગત્યનું વાક્ય હતું કે મારા તારણો કાયમી, શાશ્વત કે અપરીવર્તનશીલ ન હોઈ શકે. તેમાં નવા જ્ઞાન અને નવી માહીતી મળતાં તેમાં ફેરફાર કે સુધારો-વધારો શક્ય છે અને આવકાર્ય પણ છે.

**એન આર મલીક** (અમદાવાદ) - ધાર્મીકતા અને રેશનાલીઝમ બંને વચ્ચે વૈચારીક સ્પષ્ટતાની તાતી જરુરીયાત છે. શું બંને વચ્ચે સમન્વય શક્ય છે ખરો ?

**મુકેશ એડનવાલા** (નીવૃત્ત બેંક અધીકારી, અમદાવાદ.) - આ પરીસંવાદે લીધેલા અભીગમ સાથે સંપુર્ણ સંમત થવાય તેમ છે જ નહીં. જીવનની કેટલીક સમસ્યાઓના ઉકેલ (દા.ત. સેન્સપરસેપ્શનને કોગનીઝન્સ સાથે કેવો સંબંધ છે.) રેશનાલીઝમમાં ન પણ મળે.

ઉપરના સવાલોના જવાબો બંને વક્તાઓએ ક્રમશ: આપેલા છે. જે ટુંકમાં રજુ કરીએ છીએ.

**મનીષી જાની :** (1) મારુ સ્પષ્ટ કહેવું હતું કે રેશનાલીઝમ એક દુન્યવી સત્ય શોધવાની પદ્ધતી તરીકે માનવમુલ્ય ધરાવે છે. તે એક સત્ય શોધવાનું સાધન છે પણ તે સ્વયં સીદ્ધી કે ગોલ ન હોઈ શકે. રેશનાલીઝમની

મદદથી વીકસેલો વૈજ્ઞાનીક અભીગમ દરેક પ્રશ્નને સત્યની નજીક લઈ જવામાં મદદ કરે છે.

(2) આપણે રેશનાલીસ્ટ તરીકે સમજી લેવું જોઈએ કે કાં તો પાંદડુ ઈશ્વરની ઈચ્છાથી હલે છે અથવા કે પાંદડુ ઈશ્વરની ઈચ્છાથી હલતું નથી. બેમાંથી કોઈ વચ્ચેની સ્થીતી કે સમાધાનકારી કે સમન્વય વાળી સ્થીતી ન હોય. કાં તો તમે સંપુર્ણ ભૌતીકવાદ સ્વીકારો અથવા સંપુર્ણ આધ્યાત્મીકવાદ સ્વીકારો. તેનો કોઈ ત્રીજો માર્ગ ક્યારેય ન હોઈ શકે ! (3) ભુતપુર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્દુલ કલામ તે એક ટેક્નોક્રેટ હતા. જેણે પોતાના વૈજ્ઞાનીક જ્ઞાનનો ઉપયોગ મીસાઈલ જેવા યુદ્ધમાં ઉપયોગી શસ્ત્રો બનાવવા કરેલો હતો. પણ આપણે તેને વૈજ્ઞાનીક કહી શકીએ નહીં કારણ કે પોતાના નીજી જીવનમાં વૈજ્ઞાનીક અભીગમને આધારે નીર્ણય કરતા ન હતા. (4) કાર્લ માર્ક્સ મારા મત મુજબ તે એક સ્વપ્ન સેવનારો ભૌતીકવાદી ક્રાંતીકારી હતો. જેણે કયા કયા ભૌતીક પરીબળો દ્વારા સમાજ એક સામાજીક સ્થીતીમાંથી બીજી વધારે બહેતર સામાજીક સ્થીતીમાં પ્રવેશ કરે છે તેના ચાલક બળો શોધી કાઢ્યા હતા.

**ધવલ મહેતા**ના પ્રત્યુત્તરો - (1) આ બે દીવસનો પરીસંવાદ કોઈ ટ્રેનીંગ પ્રોગ્રામ નથી. આ એક પ્રોફેશનલ પરીસંવાદ સંસ્થાના સભ્યો માટે છે. રેશનાલીસ્ટ તરીકે અમારે સમજવું છે જ્ઞાન-વીજ્ઞાનની દુનીયામાં નવા સંશોધનો કેવા પ્રકારના થઈ રહ્યા છે. (2) બુદ્ધે પોતાના સમયગાળામાં ખુબ જ મોટી ભૌતીકવાદી ચળવળ ઉપાડી હતી. રેશનાલીસ્ટો તરીકે આપણા માટે તે જ મહત્વનું છે. તે પુનર્જન્મમાં માનતા હતા કે નહીં તે વીવાદમાં પડવાની જરુર નથી. (3) આધ્યાત્મીકતા અને ભૌતીકવાદ વચ્ચે સમન્વય બીલકુલ અસ્થાને છે. કોઈને આધ્યાત્મીકતાથી શાંતી મળતી હોય તો તે ભલે કરે, પણ તેની ઉપયોગીતા મુલ્ય હોઈ શકે પણ સત્ય મુલ્ય નથી. (Instrumental Value but not truth value). આધ્યાત્મીકતાથી કોઈ દુન્યવી પ્રશ્નો ઉકેલવાનું શક્ય નથી. આધ્યાત્મનો અર્થ છે આત્માથી પર કે ઉપરની વસ્તુ. હવે જો આત્માનો અસ્તીત્વ માટેનો કોઈ ભૌતીક પુરાવો કે સાબીતી જ ન હોય તો તે ફક્ત પુરાવા વીનાનું સત્ય (Unproven Truth) ગણાય. આત્મા અમર, અજરામર, અવીનાશી છે તે બધી દલીલો મનોરંજકથી વધારે કાંઈ નથી. રેશનાલીસ્ટ જીવન જીવવા આધ્યાત્મનો સહારો લેવાની કોઈ જરુર નથી. તે ખ્યાલ જ કાલ્પનીક છે. (4) મારા મત મુજબ ડૉ. કલામ સાહેબને સમજવા આપણે રીચાર્ડ ડોકીન્સના આ તારણને મહત્ત્વ આપવાની જરુર છે. કોઈપણ વૈજ્ઞાનીક જ્યારે વૈજ્ઞાનીક સીદ્ધાંતને આધારે સંશોધન કરતો હોય ત્યારે તેની ધાર્મીક માન્યતાનું તત્ત્વ વચ્ચે ન આવવું જોઈએ. જો કોઈ વૈજ્ઞાનીક સંશોધનમાં ધર્મ લાવે ત્યારે તે વીજ્ઞાનની બાદબાકી કરે છે તેમજ સમજવું. (5) સંવેદના કે માનસીક આવેગ (સેન્સેશન) શું છે તે મનોવીજ્ઞાને ખુબ જ સરળતાથી સમજાવી છે. એટલું જ નહીં તે કેવો જૈવીક-રસાયણીક ફેરફાર (બાયોકેમીકલ ચેન્જ) તેને દર્દીમાં એલએસડી કે મેરેજુઆના જેવી ડ્રગ્સની મદદથી મનોઆવેગોને કૃત્રીમ રીતે પેદા પણ કરી શકાય છે. ટુંકમાં મનોઆવેગ (સેન્સેશન)માં કશું દૈવી કે ઈશ્વરી જેવું તત્ત્વ શરીરમાં બહારથી પ્રવેશતું નથી તે જાણી કે સમજાવી (પરસીવ) શકાય છે.

માનવજાતે શરુ કરેલી વીજ્ઞાનયાત્રા તો હજુ ફક્ત આશરે 450 વર્ષ જ પુરાની છે. જ્યારે ધર્મની ઉત્પત્તી તો માનવજાત જેટલી પુરાણી છે. ક્યાં પેલા લાખો વરસ અને ક્યાં ફક્ત 450 વર્ષ. વીજ્ઞાનને હજુ વીકસવાની મોકળાશ તો આપો ? હે ધાર્મીકો ! તમે વીજ્ઞાનની શોધખોળોથી કેમ આટલા બધા ગભરાઈ ગયા છો ? પ્લીઝ, ગીવ સમ સ્પેસ ટુ સાયન્સ. આપણા બાળપણના ઉછેર સાથે દૈવીશ્રદ્ધાનું અનુકુલન (કન્ડીશનીંગ) થઈ ગયું છે. જે સહેલાઈથી નીકળી શકે તેમ નથી.

## સત્ર અધ્યક્ષ

**- સરુપ ધ્રુવ**



આજના સેશનમાં મનીષીભાઈ અને ધવલભાઈએ ભૌતીકવાદ અને વૈજ્ઞાનીક નીયમોની વાત વીગતે કરી છે. પરંતુ આપણા દેશમાં તો હજુ ભૌતીકવાદને એક ગાળ અને સામાજીક રીતે એક હલકુ વલણ ગણવામાં

આવે છે. આપણી સમક્ષ સતત દલીલ કરવામાં આવે છે કે કેમ તમે વીજ્ઞાન અને ધર્મના સમન્વયની વાત કરતા નથી. આપણી સંસ્કૃતીને ઓળખવી સરળ છે. જે રેશનાલીઝમ, ભૌતીકવાદ અને આધુનીકતાનો વીરોધ કરે તે ભારતીય સંસ્કૃતી. આવો વારસો આપણને સૌને ભૌતીકવાદ અને વૈજ્ઞાનીક અભીગમ આધારીત જીવન વીકસાવવાની આડે આવે છે. આ બંને પરીબળોને વ્યક્તી અને સામાજીક પરીવર્તનના મહત્ત્વના એકમો તરીકે સ્વીકારીને આપણે રેશનાલીસ્ટો તરીકે આગળ નહીં વધીએ ત્યાં સુધી ઈશ્વરના અસ્તીત્વને ઈન્કાર કરવાથી કોઈ દર દર ફીટવાનું નથી. આપણા સમાજ અને રાજકારણના પ્રત્યાઘાતી પ્રવાહો સામે વ્યક્તીગત અને સામુહીક રીતે સંગઠીત થઈને ભૌતીકવાદી અને વૈજ્ઞાનીક અભીગમના ટેકામાં સંઘર્ષાત્મક ચળવળની જરુર છે તેવું મારું નમ્ર તારણ છે.

## બીનસાંપ્રદાયીકતા - આપણું એક બંધારણીય મુલ્ય

**- અશ્વીન કારીઆ**



બીનસાંપ્રદાયીકતા શબ્દ માટે બંધારણમાં અંગ્રેજીમાં શબ્દ વપરાયો છે 'Secularism' જેનો કાયદાકીય ભાષામાં તરજુમો થાય છે, 'ધર્મનીરપેક્ષતા'. આ શબ્દના ત્રણ અર્થ થાય છે. એક અધાર્મીકતા જેને અંગ્રેજીમાં કહે છે 'Non-religious'. બીજો અર્થ થાય છે રાજ્ય અને ધર્મ વચ્ચે સંપુર્ણ વીયોજન, અંગ્રેજીમાં કહે છે 'Complete separation between the state & religion. ત્રીજો અર્થ છે આ જગતને લગતું અથવા દુન્યવી અંગ્રેજીમાં કહે છે 'This worldly' (the state affairs related to people's welfare).

આધુનીક લોકશાહી રાજ્યની રચના બંધારણના ઉદ્દેશ મુજબ લોકકલ્યાણ માટે કરવામાં આવી છે. રાજ્યનું સંચાલન કાયદાના શાસન (રુલ ઓફ લો) મુજબ કરવામાં આવે છે. રાજ્યને પોતાનો કોઈ ધર્મ હોતો નથી. વધુમાં રાજ્ય કોઈ ધર્મનું પ્રતીનીધીત્વ કરતું નથી. રાજ્ય પોતાની વસ્તીના દરેક સભ્યને નાગરીક ગણે છે. રાજ્યના મતમુજબ તેના પ્રજાજનની ઓળખ માત્રને માત્ર નાગરીક તરીકેની જ છે. તે સીવાયની કોઈ ઓળખ ન હોય શકે. રાજ્ય ધર્મનીરપેક્ષ હોવાથી રાજ્યનો કોઈપણ પ્રતીનીધી રાષ્ટ્રપ્રમુખથી માંડીને કોઈપણ ચુંટાયેલો પ્રતીનીધી અને રાજ્યનો કર્મચારી હોદ્દાની રુએ કોઈ ધાર્મીક પ્રવૃત્તીમાં ભાગ ન લઈ શકે. તેમજ તેવી ધાર્મીક પ્રવૃત્તીઓને ટેકો કે સમર્થન પણ ન આપી શકે.

સામાન્ય રીતે બંધારણ મુજબ આવું રાજ્ય જ ધર્મનીરપેક્ષ રાજ્ય હોઈ શકે. આપણા રાજ્યની આ મુલ્યને આધારે મુલવણી કરીએ તો એમ સતત અનુભવાય છે કે દેશમાં બંધારણના આ બીનસાંપ્રદાયીક મુલ્યનો ઉઘાડો અથવા છડેચોક સતત ભંગ થતો આવ્યો છે. દેશમાં એવું વાતાવરણ વ્યવસ્થીત રીતે પેદા કરવામાં આવ્યું છે કે જે લોકો ધાર્મીક હોય તે જ નૈતીક હોય અને જે બીનસાંપ્રદાયીક હોય તે અનૈતીક. આની સામે એક શાયરે પોતાની ગઝલમાં લખ્યું છે કે સરકારી કચેરીમાં 'ટેબલે ટેબલે માતાજી તોય મફતનું ખાતાજી.'

કારીઆ સાહેબે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય દેશના કોઈપણ નાગરીકને પોતાનો ધર્મ કયો છે તે જણાવવાની ફરજ પડાવી શકે નહીં. તે અંગે તેઓએ દેશની કેટલીક હાઈકોર્ટના ચુકાદાઓ જણાવ્યા હતા.

## આપણા લોકશાહી મુલ્યો

**- ઉત્તમ પરમાર**



મારા મતમુજબ જે રાજ્ય ધર્મનીરપેક્ષ ન હોય તે રાજ્ય-વ્યવસ્થા લોકશાહી હોઈ જ ન શકે. માનવ તરીકે મારા વીકાસ માટે રાજ્યનું ધર્મનીરપેક્ષ હોવું અનીવાર્ય છે. આપણા સત્ય ને આધાર રેશનલ અભીગમ હોવો જોઈએ. તેમાં નીત નવી માહીતી મળતાં તેમાં પણ ફેરફારો થવા જોઈએ. ધાર્મીક સત્યનો આધાર કાં તો કોઈ દૈવી કે પયગંબરી સંદેશ હોય છે. ઘણીવાર તેનો આધાર જે તે ધર્મના અનુયાયીના ધર્મપુસ્તકનો આધાર હોય છે.

ધાર્મીક સત્યમાં ચર્ચા અસ્થાને છે. ધાર્મીક સત્યો નવા જ્ઞાન કે માહીતીને અવગણે છે. મારા મત મુજબ એક પ્રજા તરીકે ભારતીય સંસ્કૃતીનો આજે તેના ખરાબમાં ખરાબ કાળમાંથી પસાર થઈ રહી છે. રેશનલ સત્યશોધન પ્રવૃત્તી મારા મત મુજબ એ વ્યક્તીગત પ્રવૃત્તી છે. રેશનાલીઝમ, ધર્મનીરપેક્ષતા અને લોકશાહી મુલ્યો આધારીત માનવીય સંઘર્ષ કરવાનો સમય આવ્યો હોય તો તે વર્તમાન સમય છે. કારણ કે વર્તમાન સત્તાકીય રાજ્યશાસન વ્યવસ્થાએ આપણને સરસ રીતે સમજાવી દીધું છે કે દેશમાં કાયદાનું શાસન ન હોય તો શું થાય કે ધર્મનીરપેક્ષતા ન હોય તો શું થાય ? આજની કટોકટીના સંદર્ભમાં ઉપર જણાવેલા મુલ્યો માટે ઝઝુમવું એ જ જીવનની સાર્થકતા છે.

ગુજરાતની મહાજન સંસ્કૃતીના બહુગાન ગવાય છે ત્યારે આપણે સમજવું જોઈએ કે આ આખી કહેવાતી સંસ્કૃતીના બેવડા ધોરણો છે. તેમનું પોતાના કર્મચારી અને અન્ય વર્ગ સાથેનો વ્યવહાર બીલકુલ દંભી ને સંપુર્ણ શોષણખોર જ હોય છે. આ મહાજનો વાતો ઈશ્વરની કરે અને વર્તન બીલકુલ તેની વીરુદ્ધનું કરે. આ મહાજનો ધર્મગુરુઓ અને સરકારો સાથે એમ ઓ યુ કરે અને વ્યક્તીગત જીવન સંપુર્ણ શોષણખોર જીવન જીવે. પોતાના નોકરોને લઘુતમ વેતનધારો નહીં ચુકવે. તે તો આપણા મહાજનોનું ચારીત્ર્ય છે. આવા તો આ મહાજનોના લક્ષણો છે. 'આ દેશ મહાદંભીઓનો દેશ છે.' આ બધાની કાર્યશૈલી તો જુઓ.

સંવેદનાવીહીન માનવીય શોષણ કરીને સંવેદનાવીહીન સંપત્તી ભેગી કરવાની અને પછી આવી રીતે ભેગી કરેલી સંપત્તીમાંથી કટકો - બટકો દાન કરીને વાહવાહ કરવી અને કરાવવી. મારી દૃઢ માન્યતા થઈ ગઈ છે કે માનવ મુલ્યો આ બધા કહેવાતા ધર્મધુરંધરોમાંથી પેદા થતી નથી. પણ રેશનલ અભીગમમાંથી પેદા થયેલી માનવીય અનુકંપામાંથી જ પેદા થાય છે.

આપણા ગુજરાતમાં જ્યારે જ્યારે લોકશાહી મુલ્યો જેવા કે સમાનતા, બંધુતા અને વંચીતોએ પોતાના બંધારણીય અધીકારોને અમલમાં મુકવાના પ્રયત્નો કર્યા છે ત્યારે ત્યારે સ્થાપીત હીતોએ તેને દબાવી દેવા પ્રત્યાઘાતી આંદોલનો ઈરાદાપુર્વક ઉભા કરીને વ્યાપક લોકહીતની ચળવળોનો ખાત્મો બોલાવી દીધો છે.

## રેશનાલીસ્ટ વીચારો આધારીત વ્યક્તી અને સમાજ પરીવર્તનના પ્રયત્નો

**- ડૉ. સુજાતવલી**



**(1) સ્વચ્છતા અભીયાન**

સ્વચ્છતા એક રેશનાલીસ્ટ અભીગમ છે. ગંદકીથી અનેક રોગો ફેલાય છે. એ વીજ્ઞાને સાબીત કર્યું છે અને સ્વચ્છતા રાખવાથી રોગનો અટકાવ થઈ શકે છે તથા ફેલાતો અટકાવી શકાય છે. તે પાયા ઉપર અમે સ્વચ્છતા અભીયાન શરુ કર્યું. એ દરમીયાન અમે છ પ્રકારની પ્રવૃત્તીઓ હાથ ધરી. એક તો દરેક શાળા તથા મોહલ્લામાં ડસ્ટબીન મુકી. બગીચો સાફ કરાવી રંગરોગાન કરાવ્યું તથા રમવાના સાધનોને સમારકામ કરાવ્યું. તદુપરાંત ત્રણ શોર્ટ ફીલ્મ્સ બનાવી. દર મહીને અલગ અલગ શાળાઓ, કોલેજો અને સ્વયંસેવી સંસ્થાઓમાં 'વીજ્ઞાનથી સ્વચ્છતા સુધી' જેવા મહત્ત્વના વક્તવ્યો સાથે વૃક્ષ રોપણ અને ડસ્ટબીન વીતરણ કર્યા.

**(2) સામાજીક ન્યાય**

સામાજીક ન્યાય એક રેશનાલીસ્ટ સીદ્ધાંત છે. આથી રેડક્રોસ બ્લડ બેંક, ગોધરા શાખામાં જે વધુ પડતા ભાવ લેવાતા હતા, જેની સામે 4 વર્ષથી લડત આપતા હતા, આજે તે લડત સફળ બનાવીને રહ્યા અને રક્તના ભાવ ઘટાડીને રહ્યા.

**(3) વીજ્ઞાન અને શીક્ષણ**

માનવજાતનો વીકાસ વીજ્ઞાન અને શીક્ષણને આધારે જ થયો છે. આ સીદ્ધાંતને પ્રતીપાદીત કરવા માટે ગરીબ બાળકો માટે અમે ત્રણ જગ્યાએ કલાસીસ શરુ કર્યા છે. જેમાં શીક્ષકો વીવીધ વીષયો ઉપરાંત બીનશૈક્ષણીક

પ્રવૃત્તીઓ જેવી કે ડાન્સ, આટર્સ, વક્તૃત્વ સ્પર્ધા, રાષ્ટ્રીય દીવસોની ઉજવણી કરતા હોઈએ છીએ. વીજ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે વૈજ્ઞાનીક ફીલ્મસ શાળાઓ તથા કોલેજોમાં બતાવીએ છીએ.

**(4) અંધશ્રદ્ધા નાબુદી**

રેશનાલીઝમનો મુળભુત સીદ્ધાંત અંધશ્રદ્ધા દુર કરવાનો છે. તેના માટે વીવીધ સ્તરે - વીવીધ સ્થળે અંધશ્રદ્ધા નીર્મુલન માટેના કાર્યક્રમો કરતાં હોઈએ છીએ. આ કાર્યક્રમોમાં અમને ચતુરભાઈ ચૌહાણ, મુકુંદભાઈ સીંધવ કે અરવીંદભાઈ પંચાલની મદદ સતત મળતી રહે છે. જે બધાના અમે આભારી છીએ. તેઓની મદદથી અમે ઠેર ઠેર અંધશ્રદ્ધા નીર્મુલનના પ્રયોગો બતાવીએ છીએ. વૈજ્ઞાનીક માનસીકતાને બૃહદ બનાવવા માટે અને વ્યાપક બનાવવા માટે શાળા અને કોલેજોમાં વીવીધ જગ્યાએ વ્યાખ્યાનો આપીએ છીએ. આ વર્ષે અમે 22 જેટલી જગ્યાએ આ કાર્યક્રમો કર્યા હતા.

**(5) ટીચર્સ ટ્રેઈનીંગ**

વીદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે શીક્ષકોની માનસીકતા બદલવાનો પ્રયત્ન કરીએ છીએ. અમારો પ્રયત્ન રેશનલ વીચાર શીક્ષકોથી બાળકો સુધી અને બાળકોથી દરેકના ઘર સુધી પહોંચે તેવો હોય છે. આથી અમે ટીચર્સ ટ્રેનીંગને મહત્ત્વ આપીએ છીએ. તેઓને વૈજ્ઞાનીક તાલીમ તથા અંધશ્રદ્ધા નાબુદીની તાલીમ પણ આપીએ છીએ. ત્યારબાદ રાષ્ટ્રીય બાળ વીજ્ઞાન પરીષદ જેવી પ્રવૃત્તીઓ હોય કે રાષ્ટ્રીય સમસ્યા હોય, તે દરેક વીષયો ઉપર વીદ્યાર્થીઓ રીસર્ચ કરે અને દરેક ઘટના પાછળ વૈજ્ઞાનીક કારણ જવાબદાર છે તેવો વૈજ્ઞાનીક અભીગમ કેળવાય તથા તેવી માનસીકતા કેળવવામાં મદદરુપ થઈએ છીએ. આ પ્રવૃત્તીઓમાં નીબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ક્વીઝ સ્પર્ધા વગેરે પ્રવૃત્તીઓનો સમાવેશ કરવામાં આવે છે. તદુપરાંત પોપટપુરા ગામમાં શૈક્ષણીક કક્ષાએ વીવીધ પ્રવૃત્તીઓ જેવી કે શૈક્ષણીક સાહીત્ય વીતરણ, બાળકો માટે ક્લાસીસ, જરુરીયાત સમયે સ્માર્ટ ક્લાસીસના ઉપયોગે બાળકોને વીજ્ઞાનથી અભીમુખ કરાવવા તથા લોક વીજ્ઞાન કેન્દ્ર, ગોધરા સંસ્થા દ્વારા પંચમહાલ જીલ્લાની મહત્તમ શાળાઓમાં પૃથ્વીના ઉત્ક્રાન્તીવાદ ઉપર ફીલ્મ શો, ચતુરભાઈ ચૌહાણની મદદે અંધશ્રદ્ધા - વહેમ વીરોધી વક્તવ્યો અને પ્રયોગો બતાવવા વગેરે જેવી ભીન્ન ભીન્ન પ્રવૃત્તીઓ દ્વારા લોકોમાં વૈજ્ઞાનીક અભીગમ કેળવીએ છીએ તથા ટેલીસ્કોપની મદદે લોકોને અવકાશ વીજ્ઞાનથી અભીભુત કરાવીએ છીએ. જેના કારણે જ્યોતીષશાસ્ત્ર અને અવકાશ વીજ્ઞાન વચ્ચે કોઈ સંબંધ નથી, તે સાબીત કરી બતાવીએ છીએ.

**(6) રેશનાલીસ્ટ વેબ સાઈટ**

આ સાથે હ્યુમનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી દ્વારા બનાવવામાં આવેલી વેબસાઈટ rationalist.in ઉપર 600થી વધુ રેશનાલીસ્ટોનું લીસ્ટ એડ્રેસ સાથે મુકવામાં આવેલ છે. તદુપરાંત રોજીંદા કાર્યક્રમોનું પોસ્ટીંગ પણ કરવામાં આવે છે. જેથી વેબસાઈટના માધ્યમે આપણે સૌ લોકો સાથે વધુને વધુ સંપર્ક રાખી શકીએ તેવી આશા છે.

## ડોનાલ્ડ ટ્રમ્પનો ઉગ્રરાષ્ટ્રવાદ અને તેની વૈશ્વીક અસરો

**- સ્વાતી જોશી**



મને વીચાર કરતાં તે વાજબી લાગ્યું છે કે કેમ તમારી જેવી રેશનાલીસ્ટ સંસ્થાએ વીશ્વ સમક્ષ વધતા જતાં ધર્મ કે જમણેરી રાષ્ટ્રવાદી પરીબળોની અસરો અંગે ચર્ચા કરવાનું પસંદ કર્યુ છે. વીશ્વ અને ખાસ કરીને માનવજાત સમક્ષ સૌથી ભયાનક સ્થીતી પેદા થઈ હોય તો તે જુદા જુદા દેશોમાં સત્તા પર આવતા જમણેરી રાષ્ટ્રવાદી પરીબળોને કારણે છે. જાણે આ જગત તેના નજીકના ભુતકાળમાં ઉગ્રરાષ્ટ્રવાદી પરીબળોએ રાજકીય સત્તા કબજે કરીને જે બે વીનાશક વીશ્વયુદ્ધોમાં માનવજાતને ગરકી દીધી હતી, તેમાંથી બોધપાઠ લેવાનું જ ભુલી ગયું છે. 21મી સદીમાં આવા રાષ્ટ્રવાદે જુદા

જુદા દેશોમાં રાજકીય સત્તા પ્રાપ્ત કરીને જે પડકારો ઉભા કર્યા છે તેને વીગતે સમજવાની જરુર છે તો જ આપણે તેનો પ્રતીકાર કરી શકીશું. આવા રાષ્ટ્રવાદને લોકશાહી શાસન વ્યવસ્થા, બંધારણીય શીસ્ત અને કાયદાના શાસન પ્રત્યે કોઈ જવાબદારી જ જાણે બીલકુલ નથી. આ બધા પરીબળો ખરેખર તો રાષ્ટ્રવાદના વીસ્તારવાદી કાર્યોની સામે છે તેવું તે જે તે દેશની પ્રજાને સતત અહેસાસ કરાવે છે. ટુંકમાં તે સર્વપ્રકારના માનવવાદી મુલ્યો અને તેના સંવર્ધન માટે વીકસેલી બધી સંસ્થાની નેસ્તનાબુદીને પોતાનું પવીત્ર કાર્ય ગણે છે.

ખરેખર આ જમણેરી રાષ્ટ્રવાદ એ ધાર્મીક કટ્ટરવાદની પેદાશ છે. તે પ્રજાની લાગણીઓ બહેકાવીને તેમની વીવેકબુદ્ધીને યેનકેન પ્રકારે લકવાગ્રસ્ત બનાવી દેવામાં સફળ થાય છે. આવા રાષ્ટ્રવાદીઓ પોતાના દેશની પ્રજાને સમજાવવામાં સફળ થાય છે કે તેમની બધી જ આર્થીક, સામાજીક અને બેકારી જેવી સમસ્યાઓ માટે કોણ જવાબદાર છે. તે પ્રજાને તેનો દુશ્મન ઓળખાવામાં સફળ થાય છે. જર્મનીના એડોલ્ફ હીટલર દેશની પ્રજાને યહુદીઓ દુશ્મન છે તે સમજાવવામાં સફળ થયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરીકન ગોરી પ્રજાને પડોશી મેક્સીકન દેશની પ્રજા, બહારથી આવેલા જુદા જુદા દેશોના ઈમીગ્રન્ટસ અને ચીન જેવા દેશમાંથી આવતી ચીજવસ્તુઓને તેમની પ્રજાના દુશ્મનો છે તેવું સાબીત કરીને અને સત્તા કબજે કરી છે. અત્યારે બ્રીટન, ફ્રાન્સ અને જર્મનીની પ્રજાને જે તે દેશના સત્તાધીશો 'યુરોપીયન કોમન માર્કેટ (યુનીયન)' જ તેમની બેરોજગારી, આર્થીક વીટંબણો અને ત્રાસવાદ માટે જવાબદાર છે તેવું સમજાવવામાં સફળ થયા છે. ભારતમાં ભારતીય જનતા પાર્ટી દેશની પ્રજાને પેલા વીધર્મી આપણાથી જુદા 'અધર'ને દુશ્મન બતાવીને હીંદુ મતોનું એકત્રીકરણ કરીને સત્તા મેળવવામાં સફળ થયો છે. તાજેતરની ઉત્તરપ્રદેશની ચુંટણીમાં ભાજપે 'કબ્રસ્તાન વીરુદ્ધ સ્મશાન અને દીવાળીમાં વીજળી કટ અને ઈદમાં વીજળી' આવા બધા લાગણીશીલ પ્રતીકોનો ઉપયોગ કર્યો હતો.

ઉગ્રરાષ્ટ્રવાદી પરીબળો જ્યાં હોય ત્યાં ધીક્કાર અને જુઠ્ઠાણાનું રાજકારણ દેશ વ્યાપી પેદા કરીને સત્તા પ્રાપ્ત કરે છે. તેઓ સૌ પ્રથમ સત્યનો જ ભોગ લે છે. હકીકત અને માહીતીઓને વીકૃત રીતે રજુ કરવામાં તે માહેર હોય છે. માહીતીના બધા જ સાધનોનો બેલગામ ઉપયોગ કરવામાં તેમને સહેજ પણ સંકોચ કે દુ:ખ થતું નથી. ઈતીહાસ ભુલી જાવ. અમે જે રજુ કરીએ છીએ તેનેજ સત્ય માનીને સ્વીકારો.

ઉપભોગવાદ, પુંજીવાદ અને જમણેરી (ધાર્મીક) રાષ્ટ્રવાદના હીતો સમાનહોય છે. તે બધા સંસ્કૃતી અને શીક્ષણનું બજારીકરણ કરી નાખે છે. દેશના બૌદ્ધીકો અને વીચારવંત માણસોને આવા ધાર્મીક ઉન્માદ પર આધારીત રાષ્ટ્રીય પ્રવાહોને અટકાવવાનું અશક્ય બની જાય છે. સમાજમાં અસ્તીત્વ ધરાવતા તમામ પ્રકારના સર્જનાત્મક અને કલ્પનાશક્તી ધરાવતા પરીબળોને નામશેષ કે અપ્રસ્તુત બનાવી દેવામાં આવ્યા છે. સમાજના કોઈપણ ખુણેથી આવા સત્તાધીશોની નીતીરીતીઓ સામે કોઈ વીરોધનો અવાજ જ ન નીકળવો જોઈએ તેની પુરેપુરી કાળજી લઈ શકાય તેવું તંત્ર વ્યવસ્થીત રીતે કામ કરતું હોય છે. વીરોધી અવાજને કેવી રીતે ચુપ કરી દેવો તેનું વ્યવસ્થીત રીતે આયોજન કરવામાં આવે છે. તેની સામે વીકલ્પ શોધવો અને તે પ્રમાણે નવી આશા સમાજમાં પેદા કઈ રીતે કરવી તે સરળ નથી.

## બીજું વક્તવ્ય

**- પ્રકાશ શાહ**



ડોનાલ્ડ ટ્રમ્પના ચુંટણીનાં સુત્રો હતા 'બાય ઓનલી અમેરીકન ગુડસ, અમેરીકા ઈઝ ઓનલી ફોર અમેરીકન, અમેરીકન ફર્સ્ટ, મેક્સીકન, મુસ્લીમ અને અન્ય ઈમીગ્રન્ટ્સ માટે નો પ્લેસ વગેરે' 'હું અમેરીકન રાષ્ટ્રવાદની તરફેણ

વૈશ્વીકરણના ભોગે પણ કરીશ.'

ઉપરના વીચારો હીંદુત્વવાદી વીચારધારાના સ્થાપક સાવરકર અને ગોલવેલકરના વીચારોથી બીલુકુલ જુદા નથી. તેમના પુસ્તક 'અવર નેશનહુડ ડીફાઈન્ડ'માં આવી વાતો અને દલીલો જ કરવામાં આવી છે. આવા રાષ્ટ્રવાદના ટેકેદારોને સત્તા ન સોંપી દેવાય !

## સત્ર અધ્યક્ષ

**- રોહીત શુક્લ**



મારા ચીંતન મુજબ ધાર્મીક ઉગ્રરાષ્ટ્રવાદી પરીબળોનો સામનો આપણે માનવવાદી મુલ્યો, રેશનાલીઝમ અને વૈજ્ઞાનીક અભીગમો સમાજમાં મોટા પાયે વીકસાવી અને વીસ્તારીને જ કરી શકીએ. જે લોકોને છેલ્લા વીસ-પચીસ વર્ષના ભાજપી ગુજરાતના રાજકારણનો અનુભવ છે તે બધા માટે ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રવાદી પરીબળોને સમજવા મુશ્કેલ નથી. અમેરીકાના પ્રમુખ તરીકે ટ્રમ્પે જે સ્ત્રીઓ વીશે જે ગંદી અને બીભત્સ વાતો કરી છે તે મારા જેવા માટે બોલી કે લખીને તેનું વર્ણન કરવું પણ અયોગ્ય લાગે છે. રાજ્યને પોતાના વીચારો પ્રમાણે હાઈજેક કરીને તેઓએ એવો બોલકો શક્તીશાળી વર્ગ પેદા કરી દીધો છે કે તેમાં સમાજના વીકાસની દોડમાં પાછળ રહી ગયેલા ગરીબો, આદીવાસી, દલીત અને અસંગઠીત વર્ગોના અસ્તીત્વને જ નામશેષ કરવા રાજ્ય સત્તાનો મોટેપાયે ઉપયોગ કરવા માંડ્યો છે. રાજ્ય સત્તાની મદદથી તે બધાએ શીક્ષણ અને આરોગ્યની જાહેર સેવાઓને કચડી નાંખી છે. તેમના વીકાસનું મોડેલ અંગ્રેજીમાં જેને 'જોબલેસ ગ્રોથ' રોજગારીની તકોનું સર્જન કર્યા સીવાયનો વીકાસ છે. જેનું પરીણામ દેશ અને દુનીયામાં ભયંકર આર્થીક આવક અને તકોની અસમાનતામાં પેદા થવા માંડ્યું છે. રાજકીય સત્તાની સાથે સંપત્તી અને આવકનું ખુબ જ થોડા લોકોના હાથમાં કેન્દ્રીકરણ થવા દેવું તે તંદુરસ્ત સમાજની નીશાની નથી. તે તો માંદા સમાજ (સીક સોસાયટી)નું સર્જન કરશે. તે તો લોકશાહી મુલ્યો અને સંસ્થાઓને પોતાના નીજી હીતો સાધવા બલીનો બકરો બનાવશે અને તે પણ પ્રજાના ટેકા સાથે ! તે બધાને લોકશાહી વ્યવસ્થા સીવાયનો રાષ્ટ્રવાદ ખપે છે. મારુ તારણ છે કે કદાચ આવો રાષ્ટ્રવાદ વૈશ્વીકરણના હકારાત્મક પ્રવાહોને પણ રુંધી નાંખશે.

## ભારતીય બંધારણનો ખ્યાલ બંધુતા (Freternity)

**- ઘનશ્યામ શાહ**



ભારતીય બંધારણનું હાર્દ તેનું આમુખ છે. પણ આમુખ તેમાં આમેજ કરેલા સીદ્ધાંતોથી જેવા કે સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, સામાજીક ન્યાય વી. બંધારણના માર્ગદર્શક સીદ્ધાંતો બની ગયા છે. તે બંધારણનું તત્ત્વજ્ઞાન છે. ખાસ કરીને સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્ત્વ જેવા મુલ્યો તે વીશ્વને ફ્રાંસની ક્રાંતીએ આપેલી અમુલ્ય ભેટ છે. આ ત્રણેય મુલ્યો માનવ મુલ્યો એકબીજાના પુરક છે. કોઈપણ એકની ગેરહાજરીમાં બીજા બે મુલ્યો અર્થવીહીન બની જાય છે. સ્વતંત્રતાને સમાનતાથી છુટી પડાય જ નહીં. તેવી જ રીતે સમાનતાને સ્વતંત્રતાથી છુટી પડાય જ નહીં. સ્વતંત્રતા અને સમાનતાને બંધુત્વથી અલગ પડાય નહીં.

સમાનતા સીવાયની કોરી સ્વતંત્રતા આવક અને સંપત્તીની અસહ્ય અસમાનતા પેદા કરશે. તેમાંથી તો થોડા લોકોનું બહુમતી પ્રજા પર સર્વપ્રકારનું વર્ચસ્વ પેદા થશે. જ્યારે સ્વતંત્રતાની ગેરહાજરીમાં સમાનતાતો વ્યક્તીગત સાહસ કરવાની પહેલને જ મારી નાંખે છે. બંધુત્વ સીવાય

સ્વતંત્રતા અને સમાનતાના મુલ્યો જ બીનઅસરકારક બની જશે. આમ ત્રણેય મુલ્યોના પાલન માટે કાયદાના શાસનની અનીવાર્યતા છે. ગૌતમ બુદ્ધે આ માટે સરસ શબ્દોનો ઉપયોગ કર્યો હતો - કરુણા, પ્રજ્ઞા અને સમતા.

બંધુતાનું સામાજીક મહત્ત્વ ખાસ કરીને એટલા માટે છે કે જે સમાજમાં કેટલાક લોકો વીકાસની દોડમાં ગમે તેવા ઐતીહાસીક કારણોસર પાછળ રહી ગયા છે તેમને હકારાત્મક મદદ રાજ્ય તરફથી થાય. હેલ્પીંગ હેન્ડસ મળે તેવી નૈતીક ફરજ આધુનીક રાજ્યે પુરી પાડવાની છે. જેમ સ્વતંત્રતા અને સમાનતા માનવીના અંગત અસ્તીત્વ અને વીકાસ માટે જરુરના છે તેવી જ રીતે સમાજના માળખાને ટકાવી અને સંવર્ધન કરવા માટે રાખવા માટે બંધુતાનું નૈતીક અને સામાજીક મુલ્ય છે. આજનો આધુનીક સમાજ પણ બંધુતાના વાસ્તવીક અમલમાંથી જ વીકસેલો છે. ભલે તેમાં કેટલાક વીરોધાભાસ પણ હોય ! ફાસીવાદ અને નાઝીવાદ પણ આધુનીક સમાજે પેદા કરેલ ઉગ્રરાષ્ટ્રવાદના પરીણામો છે.

બીજી બાજુએ વીસમી સદીના પ્રથમ પાંચ છ દાયકામાં વૈશ્વીક કક્ષાએ જુદા જુદા રાષ્ટ્રો દ્વારા કલ્યાણ રાજ્યના સીદ્ધાંત પ્રમાણે કામ કરતા હતા. તે કારણે ઘણું બધું કાર્ય ‘બંધુત્વ’ના ખ્યાલને અમલમાં મુકવામાં થયું છે. આમ રાજકીય લોકશાહીની સાથે સાથે સામાજીક લોકશાહીના વીચારને પણ અમલમાં મુકવામાં આવ્યો હતો. આપણા દેશના વડાપ્રધાન જવાહરલાલ નહેરુનો ખ્યાલ પણ હતો કે દેશમાં જેમ જેમ ઔદ્યોગીકરણ વધશે તેમ તેમ સામાજીક અન્યાય (સોશીયલ ઈનજસ્ટીસ) ઘટતો જશે.

આપણા દેશમાં સત્તાધીન ધાર્મીક ઉગ્રવાદી રાષ્ટ્રવાદીઓનો ‘સમરસ’નો ખ્યાલ દેશના સામાજીક રુઢીચુસ્ત માળખાને ટકાવી રાખવાનો જ નહીં પણ મજબુત કરવાનો છે. તેમાં તો ‘સમરસ’ના બહાને સામાજીક રીતે પ્રભુત્વ અને સંપન્ન ધરાવતા ઉપલા વર્ગના વર્ચસ્વને ટકાવી રાખવાનો અને તેનું સંરક્ષણ કરવાનો છુપો એજન્ડા છે. વંચીતોના વર્ગને તે બહાને રાજકીય સત્તા અને સામાજીક સાધનોના ઉપયોગમાંથી સીફતપુર્વક બાકાત રાખવાની જ યોજના છે. તેથી આપણા દેશમાં બંધુતાના માળખામાં મોટી તીરાડ પડેલી છે. કારણ કે તેમાં દલીતો, આદીવાસીઓ, સ્ત્રીઓ અને અન્ય લઘુમતીઓના હીતોનું કોઈ રક્ષણ નથી. તેમના પ્રત્યે સંપન્ન વર્ગોની કોઈ નીસ્બત અને અનુકંપા જ નથી.

## બીજું વક્તવ્ય

**- ચંદુભાઈ મહેરીયા**



આજે હું મારા અનુભવને આધારે બંધુત્વના વીચારો આપની સમક્ષ મુકવા માગુ છું. સામાન્ય સભાના નાગરીકના મત પ્રમાણે બંધુત્વ એટલે વસંત-રજબ સ્મારક, કોમી એકતા અને કોમી એખલાસ. પરંતુ જરી પુરાણા વર્ણવ્યવસ્થાના માળખાએ જે સામાજીક ઉંચનીચના માળખાગત સ્તરો ઉભા કર્યા છે તેની માનસીકતામાંથી આપણે બહાર નીકળી શકતા નથી. ભલે આપણે ઓફીસમાં સંજોગોવશાત કે મજબુરીથી જુદી જુદી જ્ઞાતી અને ખાસ કરીને કહેવાતી ઉપલી જ્ઞાતી અને નીચલી જ્ઞાતીના કર્મચારી સાથે બંધુત્વના ભાવે કામ કરતા હોઈએ છીએ. પણ ઓફીસ બહાર નીકળતાં જ પેલું ઉંચનીચનું કે આભડછેડનું ભુત વ્યવહાર કરવા આપણા પર સવાર થઈ જાય છે. આવા સામાજીક ઉંચનીચના ભેદભાવ દલીત જાતીઓની અંદર પણ સહજતાથી દેખાતા હોય છે. સ્વતંત્રતા અને સમાનતાનો અમલ કાયદાથી શક્ય છે. પણ બંધુતાનો અમલ કાયદાથી કરવો શક્ય નથી. સરળ પણ નથી. કારણ કે તે આપણા સામાજીક જીવનનો એક રોજબરોજનો ભાગ બની ગયો છે.

**બીપીન શ્રોફ :** - આપણે ડાર્વીનના ઉત્ક્રાંતીવાદમાં જોયું કે માણસ માત્ર સજીવ તરીકે એક જ છે. તે કોઈ ઈશ્વરી સર્જન નથી. આ ઉપરાંત માનવી એક સજીવ સૃષ્ટીના ભાગ તરીકે જ પોતાનું અસ્તીત્વ ધરાવે છે. તેથી માનવ માત્ર સમાન છે. માનવીય બંધુત્વના ખ્યાલ અને

વ્યવહારે તેને અરસપરસમાં એકબીજા સાથે કેવી રીતે જીવવું એ શીખવાડ્યું છે. બંધુતા એક માનવ મુલ્ય તરીકે નૈતીક મુલ્ય છે. કોઈપણ આધુનીક રાષ્ટ્રને રાષ્ટ્ર બનાવનાર (બાઈન્ડીંગ ફોર્સ) કોઈ પરીબળ હોય તો તે બંધુતા છે. જે રાષ્ટ્ર પોતાના આંતરીક સામાજીક અને ધાર્મીક મતભેદોમાં વહેંચાયેલું અને વીખરાયેલું હશે ત્યાં સુધી તે આધુનીક મજબુત રાષ્ટ્ર નહીં બને. રાષ્ટ્ર બનવા માટે તેની પ્રજાએ પોતાના સામાજીક સંકુચીત જુથોમાંથી ઉપર ઉઠવું પડે છે. આવા સામાજીક સંકુચીત જુથોની ઓળખમાંથી પોતાની સમાન નાગરીક ઓળખ વીકસાવવી પડે છે. નાગરીક ઓળખ જ્ઞાન આધારીત ઓળખ છે જે આપણને રુઢીચુસ્ત ઓળખમાંથી બહાર કાઢે છે.

સમાજમાં નાગરીક ઓળખ અને નાગરીક સમાજ (સીવીલ સોસાયટી) બનાવવા માટે આધુનીક સંસ્થાઓ જેવી કે ફેક્ટરી, યુનીવર્સીટી, શહેરીકરણ, બેંકીંગ સર્વીસ, ધર્મનીરપેક્ષ અને સ્વતંત્ર ન્યાયતંત્ર વી.નો વ્યાપક અમલ અનીવાર્ય છે.

ખેતીક્ષેત્રમાંથી ઔદ્યોગીક અને સર્વીસ ક્ષેત્રો તરફ મોટા પાયે વસ્તીનું સ્થળાંતર અનીવાર્ય છે. આધુનીક રાજ્ય મુલ્લા, મૌલવી, પંડીત, પાદરી, જમીનદાર અને રાજાશાહીના પ્રભુત્વવાળી સમાજ વ્યવસ્થામાંથી ક્યારેય પેદા ન થઈ શકે ! તે બધાની કબરો પર જ નાગરીક સમાજ અને આધુનીક રાષ્ટ્ર બની શકે.

**સત્ર અધ્યક્ષ**

**- ડૉ. એન કે ઈન્દ્રાયન**



જેમ જેમ આધુનીક પરીબળોની અસરો અને ખાસ કરીને શીક્ષણનો પ્રચાર વધારે થતો જશે તેમ માનવ સમાજ વધુને વધુ રેશનલ બનતો જશે. તે અંગે મને શંકા નથી. બંધુતા આપણો બંધારણીય આદર્શ છે, પણ દેશમાં રાજકારણીઓ પોતાના સત્તાકીય હીત માટે પ્રજાને પોતાની સંકુચીત ધાર્મીક કે સામાજીક ઓળખને સભાન બનાવીને આપસ આપસમાં લડાવે છે. બંધુતાને ધ્યેયને પ્રાપ્ત કરવા આપણે તે બધી સંકુચીતતો અને સંકીર્ણતાઓમાંથી બહાર નીકળવાનું છે. તેમાં જ આપણા રાષ્ટ્ર અને સમગ્ર નાગરીકોનું હીત સમાયેલું છે.

❑


## લવાજમ ભરવા માટે

**બૅંકના ખાતાનું નામ :**

**BIPINCHANDRA JAGMOHANDAS PARIKH**

Bank of Baroda Mehmadabad Branch. Banker's IFSC ccode - Barbomehama.
Saving A/C No. 08930100013053.

ખાતામાં નાણાં ભર્યા પછી લેખીત કે ફોનથી જાણ કરવા વીનંતી છે.

**સરનામું - બીપીન શ્રોફ,** તંત્રી, વૈશ્વીક માનવવાદ, 1810, લુહારવાડ, મહેમદાવાદ. (387130) ગુજરાત.
ફોન : 02694 - 245953. મો. 97246 88733.



Publisher, Edited : Bipin J. Shroff, 1810, Luharvad, Mehmadabad 387 130. District Kheda, Gujarat State. Phone No. 02694 - 245953 : Mobile 97246 88733 :
E-mail : shroffbipin@gmail.com
Printed at Chandrika Printery : Near Mirzapur Court, Mirzapur, Ahmedabad 380 001.
E-mail : chandrikaprintery@gmail.com

લવાજમ
વાર્ષીક ₹ 150
પંચવાર્ષીક ₹ 750
છુટક નકલ ₹ 15